E-mail

ટોચ અગ્રતા

સમય મર્યાદા

ક્રમાંકઃપ્રાશિનિ/RTE/ 66025 /૨૦૨૨/ ૮૨૦-૮૫૯

પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી

બ્લોકનં.૧૨/૧,ડૉ.જી.મ.ભવન,

ગુ.રા.ગાંધીનગર,તા. ૨૩ /03/૨૦૨૨

પ્રતિ,

-જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા શિક્ષણ સમિતિ, તમામ

-જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, અમદાવાદ શહેર, રાજકોટ, વડોદરા, સુરત, ભાવનગર, ગાંધીનગર, જામનગર

વિષય:- RTE પ્રવેશ પ્રક્રિયા સંદર્ભે સક્ષમ અધિકારી નિશ્ચિત કરવા અને જરૂરી પ્રમાણપત્ર આપવા બાબત

સંદર્ભ:- માન.સચિવશ્રી, પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણના તા.૧૯/૦૮/૨૦૨૦ના પત્ર ક્રમાંક: SE-PE-2020-06

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવાનું કે શૈક્ષણિક વર્ષ:-૨૦૨૨-૨૩ માટે આર.ટી.ઇ. એક્ટની કલમ-૧૨(૧) ક તેમજ ગુજરાત આર.ટી.ઇ. રૂલ્સ-૨૦૧૨ના નિયમ હેઠળ નબળાં અને વંચિત જૂથના બાળકોને જિલ્લાની બિનઅનુદાનિત ખાનગી પ્રાથમિક શાળામાં ધો.૧ના નોન આર.ટી.ઇ. વિદ્યાર્થીઓના ૨૫% મુજબ વિનામૂલ્યે પ્રવેશ આપવાની કાર્યવાહી તા.૩૦/૦૩/૨૦૨૨ થી તા.૧૧/૦૪/૨૦૨૨ દરમ્યાન શરૂ થનાર છે. જાહેરાતની નકલ તથા શિક્ષણ વિભાગના તા.૦૪/૦૮/૨૦૨૦ ના ઠરાવની નકલ આ સાથે સામેલ છે. તેમાં કયા સત્તાઅધિકારીએ કઈ કેટેગરીને કઇ બાબતો ધ્યાનમાં રાખી પ્રમાણપત્ર આપવાનું છે તેની વિગત દર્શાવેલ છે. સદર પ્રવેશ પ્રક્રિયા અંતર્ગત શિક્ષણ વિભાગના https://rte.orpgujarat.com વેબપોર્ટલ પર વાલીઓએ ઓનલાઇન અરજી કરવાની હોય છે તેમજ પ્રવેશને લગતી જરૂરી તમામ માહિતી આ વેબપોર્ટલ પર ઉપલબ્ધ છે.

| ક્રમ | દસ્તાવેજનું નામ | માન્ય આધાર-પુરાવાની વિગત |
|---|---|---|
| ૧ | બીપીએલ | ૦ થી ૨૦ આંક સુધીની BPL કેટેગરીમાં આવતા વાલીએ ગ્રામ્ય વિસ્તાર માટે તાલુકા વિકાસ અધિકારી અથવા નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીનો દાખલો રજુ કરવાનો રહેશે જ્યારે શહેર વિસ્તાર માટે મહાનગરપાલિકાના કિસ્સામાં નાયબ મ્યુનિસિપલ કમિશ્નર અથવા મહાનગર પાલિકાએ અધિકૃત કરેલ સક્ષમ અધિકારીનો દાખલો, નગરપાલિકા વિસ્તારમાં નગર પાલિકાના ચીફ ઓફિસરનો દાખલો અને નોટીફાઈડ વિસ્તારમાં મુખ્ય કારોબારી અધિકારી અથવા વહીવટી અધિકારીનો દાખલો રજુ કરવાનો રહેશે. જે શહેરી વિસ્તારમાં ૦ થી ૨૦ આંક(સ્કોર) ધરાવતા બી.પી.એલ કેટેગરીના લાભાર્થીઓની યાદી ન હોય તેવા વિસ્તારમાં બી.પી.એલ યાદીમાં સમાવેશ થયેલ લાભાર્થીએ જે-તે સક્ષમ અધિકારીનું બી.પી.એલ યાદી નંબર વાળું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. |

| | | |
|---|---|---|
| ૨ | વિચરતી જાતિઓ અને વિમુકત જનજાતિઓ | મામલતદારશ્રી અથવા સમાજ કલ્યાણ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી અથવા સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર |
| ૩ | અનાથ બાળક | જે તે જિલ્લાની ચાઈલ્ડ વેલ્ફેર કમિટી (CWC) નું પ્રમાણપત્ર |
| ૪ | સંભાળ અને સંરક્ષણની જરૂરિયાતવાળું બાળક | જે તે જિલ્લાની ચાઈલ્ડ વેલ્ફેર કમિટી (CWC) નું પ્રમાણપત્ર |
| ૫ | બાલગૃહ ના બાળકો | જે તે જિલ્લાની ચાઈલ્ડ વેલ્ફેર કમિટી (CWC) નું પ્રમાણપત્ર |
| ૬ | બાળમજૂર / સ્થળાંતરીત મજુરના બાળકો | જે તે જિલ્લાના લેબર અને રોજગાર વિભાગનું શ્રમ અધિકારીનું પ્રમાણપત્ર |
| ૭ | સંતાનમાં એક માત્ર દીકરી હોય તે કેટેગરી માટે | ગ્રામ્ય વિસ્તાર માટે તલાટી કમ મંત્રીશ્રી, નગરપાલિકા વિસ્તાર માટે ચીફ ઓફિસર અને મહાનગરપાલિકા વિસ્તાર માટે સક્ષમ અધિકારીનો એક માત્ર દિકરી જ સંતાન(સિંગલ ગર્લ ચાઈલ્ડ) હોવાનો દાખલો |
| ૮ | સરકારી આંગણવાડીમાં અભ્યાસ કરતાં બાળકો | સરકારી આંગણવાડીમાં ઓછામાં ઓછા ૨ વર્ષ અભ્યાસ કરેલ હોય અને ICDS-CAS વેબપોર્ટલ પર જે વિદ્યાર્થીઓના નામ નોંધાયેલ હોય તેવા વિદ્યાર્થીઓએ જે તે આંગણવાડીમાં અભ્યાસ કરેલ છે તે મતલબનું સબંધિત આંગણવાડીનાં આંગણવાડી વર્કર અથવા સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ સક્ષમ અધિકારીનો પ્રમાણિત કરેલ દાખલો રજુ કરવાનો રહેશે |

ઉક્ત વિગતો મુજબ નબળા અને વંચિત જૂથના બાળકો વધુને વધુ સદર યોજનાનો લાભ મેળવી શકે તે માટે જે તે કેટેગરીના બાળકો માટે જણાવ્યા મુજબના પ્રમાણપત્રો આપવા માટે આપના જિલ્લાના સંલગ્ન વિભાગને આપની કક્ષાએથી પત્ર કરી તથા રૂબરૂ મળી કાર્યવાહી કરશો તેમજ જરૂર જણાય ત્યાં માન.સચિવશ્રીનો આ સાથે બિડાણ કરેલ પત્ર પણ જે તે વિભાગના અધિકારીશ્રીને આપશો, જેથી નબળાં અને વંચિત જૂથના બાળકોના વાલીઓને જરૂરી પ્રમાણપત્રો મેળવવામાં તકલીફ ના પડે અને સમયમર્યાદામાં પ્રમાણપત્ર મેળવી પ્રવેશ માટે અરજી કરી શકે.

- <u>બિડાણ:-</u>
- સંદર્ભપત્ર અને શિ.વિ.નો તા.૦૪/૦૮/૨૦૨૦ નો ઠરાવ
- જાહેરાતની નકલ

સંયુક્ત શિક્ષણ નિયામક
ગુ.રા.ગાંધીનગર

સત્યમેવ જયતે

ડૉ. વિનોદ રાવ, આઇ.એ.એસ.
સચિવ
(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)

નં.SE-PE-2020-06

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
બ્લોક નં. ૫, ૭મો માળ, સરદાર ભવન,
સચિવાલય, ગાંધીનગર-૩૮૨ ૦૧૦
ફોન : +૯૧-૭૯-૨૩૨૫૧૩૦૧, ૨૩૨૫૧૩૦૩
ફેક્ષ : +૯૧-૭૯-૨૩૨૫૧૩૦૫
E-mail : secedu-prl@gujarat.gov.in

તા.૨૫/૮/૨૦૨૦

પ્રતિ,

- સર્વે મ્યુનિસિપલ કમિશનરશ્રી, મહાનગર પાલિકા, (તમામ)
- સર્વે કલેક્ટરશ્રી, જિલ્લા સેવા સદન ,(તમામ)
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી , જિલ્લા પંચાયત (તમામ)

**વિષય-** RTE હેઠળ પ્રવેશ પ્રકિયા સંદર્ભે સક્ષમ અધિકારી નિશ્ચિત કરવા અને જરૂરી પ્રમાણપત્ર આપવા બાબત

**સંદર્ભ:** શિક્ષણ વિભાગના તા.૦૪/૦૮/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક:ખપશ/૧૧૨૦૨૦/સિ.ફા.૦૩/ચ

**મહોદયશ્રી,**

ઉપરોક્ત વિષય અને સંદર્ભદર્શિત પત્રથી ગુજરાત સરકાર દ્વારા ધ રાઈટ ઓફ ચીલ્ડ્રન ટુ ફ્રી એન્ડ કમ્પલ્સરી એજ્યુકેશન એક્ટ-૨૦૦૯ ની કલમ ૧૨ (૧) ક હેઠળ બિન અનુદાનિત ખાનગી પ્રાથમિક શાળાઓમાં ૨૫ % મુજબ વિનામૂલ્યે ધોરણ-૧ માં નબળા અને વંચિત જૂથના બાળકોને પ્રવેશ આપવાની યોજના અમલમાં છે. જે અન્વયે પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી દ્વારા https://rte.orpgujarat.com/ વેબપોર્ટલથી ઓનલાઇન પ્રવેશ પ્રકિયા હાથ ધરવામાં આવે છે. જેમા નીચે મુજબની કેટેગરી (૧ થી ૧૩) ને RTE હેઠળ પ્રવેશમાં અગ્રતા આપવામાં આવે છે.

(૧) અનાથ બાળક
(૨) સંભાળ અને સંરક્ષણની જરૂરીયાતવાળુ બાળક
(૩) બાલગૃહના બાળકો
(૪) બાળ મજૂર/સ્થળાંતરીત મજૂરના બાળકો
(૫) મંદબુધ્ધિ/સેરેબ્રલ પાલ્સી ધરાવતા બાળકો, ખાસ જરૂરીયાતવાળા બાળકો/શારીરિક રીતે વિકલાંગ અને વિકલાંગ ધારા-૨૦૧૬ની કલમ ૩૪ (૧) માં દર્શાવ્યા મુજબના તમામ દીવ્યાંગ બાળકો
(૬) (ART)એન્ટિ-રેટ્રોવાયરલ થેરપી (એઆરટી) ની સારવાર લેતા બાળકો
(૭) ફરજ દરમિયાન શહીદ થયેલ લશ્કરી/અર્ધલશ્કરી/પોલીસદળના જવાનના બાળકો
(૮) જે માતા-પિતાને એકમાત્ર સંતાન હોય અને તે સંતાન માત્ર દીકરી જ હોય તેવી દિકરી
(૯) રાજ્ય સરકાર હસ્તકની સરકારી આંગણવાડીમાં અભ્યાસ કરતાં બાળકો
(૧૦) ૦ થી ૨૦ આંક ધરાવતાં તમામ કેટેગરી (SC,ST,SEBC,જનરલતથા અન્ય) ના BPL કુટુંબના બાળકો
(૧૧) અનુસૂચિત જાતિ (SC)અને અનુસૂચિત જનજાતિ (ST) ના બાળકો
(૧૨) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ/અન્ય પછાત વર્ગના બાળકો
(૧૩) સામાન્ય કેટેગરી (બિન અનામત વર્ગ) ના બાળકો

સંદર્ભ દર્શિત ઠરાવની નકલ આ સાથે સામેલ છે. તેમાં કયા સત્તાધિકારીએ કઈ કેટેગરીને કઈ બાબતો ધ્યાનમાં રાખી પ્રમાણપત્ર આપવાનું છે તેની વિગતો દર્શાવેલ છે. જે નીચે મુજબ છે.

Scanned with CamScanner

| ક્રમ | દસ્તાવેજનું નામ | માન્ય આધાર-પુરાવાની વિગત |
|---|---|---|
| 1 | બી.પી.એલ | 0 થી ૨૦ આંક સુધીની BPL કેટેગરીમાં આવતા વાલીએ ગ્રામ્ય વિસ્તાર માટે તાલુકા વિકાસ અધિકારી અથવા નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીનો દાખલો રજુ કરવાનો રહેશે જ્યારે શહેર વિસ્તાર માટે મહાનગરપાલિકાના કિસ્સામાં નાયબ મ્યુનિસિપલ કમિશ્નર અથવા મહાનગર પાલિકાએ અધિકૃત કરેલ સક્ષમ અધિકારીનો દાખલો, નગરપાલિકા વિસ્તારમાં નગર પાલિકાના ચીફ ઓફિસરનો દાખલો અને નોટીફાઈડ વિસ્તારમાં મુખ્ય કારોબારી અધિકારી અથવા વહીવટી અધિકારીનો દાખલો રજુ કરવાનો રહેશે. જે શહેરી વિસ્તારમાં 0 થી ૨૦ આંક (સ્કોર) ધરાવતા બી.પી.એલ કેટેગરીના લાભાર્થીઓની યાદી ન હોય તેવા વિસ્તારમાં બી.પી.એલ યાદીમાં સમાવેશ થયેલ લાભાર્થીએ જે-તે સક્ષમ અધિકારીનું બી.પી.એલ યાદી નંબર વાળું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. |
| 2 | વિચરતી જાતિઓ અને વિમુક્ત જનજાતિઓ | મામલતદારશ્રી અથવા સમાજ કલ્યાણ અધિકારી, તાલુકા વિકાસ અધિકારી અથવા સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર |
| 3 | અનાથ બાળક | જે તે જીલ્લા ની ચાઈલ્ડ વેલ્ફેર કમિટી (CWC) નું પ્રમાણપત્ર |
| 4 | સંભાળ અને સંરક્ષણની જરૂરિયાતવાળું બાળક | જે તે જીલ્લા ની ચાઈલ્ડ વેલ્ફેર કમિટી (CWC) નું પ્રમાણપત્ર |
| 5 | બાલગૃહ ના બાળકો | જે તે જીલ્લા ની ચાઈલ્ડ વેલ્ફેર કમિટી (CWC) નું પ્રમાણપત્ર |
| 6 | બાળમજૂર / સ્થળાંતરીત મજુરના બાળકો | જે તે જીલ્લાના લેબર અને રોજગાર વિભાગનું શ્રમ અધિકારીનું પ્રમાણપત્ર |
| 7 | શહીદ થયેલ જવાનના બાળકો | સંબંધિત ખાતાના સક્ષમ અધિકારીનો દાખલો |
| 8 | સંતાનમાં એક માત્ર દીકરી હોય તે કેટેગરી માટે | ગ્રામ્ય વિસ્તાર માટે તલાટી કમ મંત્રીશ્રી, નગરપાલિકા વિસ્તાર માટે ચીફ ઓફિસર અને મહાનગરપાલિકા વિસ્તાર માટે સક્ષમ અધિકારીનો એક માત્ર (સિંગલ ગર્લ ચાઈલ્ડ) હોવાનો દાખલો |
| 9 | સરકારી આંગણવાડીમાં અભ્યાસ કરતાં બાળકો | સરકારી આંગણવાડીમાં ઓછામાં ઓછા 2 વર્ષ અભ્યાસ કરેલ હોય અને ICDS-CAS વેબપોર્ટલ પર જે વિદ્યાર્થીઓના નામ નોંધાયેલ હોય તેવા વિદ્યાર્થીઓએ જે તે આંગણવાડીમાં અભ્યાસ કરેલ છે તે મતલબનું સબંધિત આંગણવાડીનાં આંગણવાડી વર્કર અથવા સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ સક્ષમ અધિકારીનો પ્રમાણિત કરેલ દાખલો રજુ કરવાનો રહેશે |

ઉક્ત વિગતો મુજબ નબળા અને વંચિત જૂથના બાળકો વધુમાં વધુ સદર યોજનાનો લાભ મેળવી શકે તે માટે જે તે કેટેગરીના બાળકો માટે જણાવ્યા મુજબના પ્રમાણપત્રો આપવા માટે આપના વિભાગને આ લગત કામગીરી કરતા સંબંધિત અધિકારીશ્રી/કર્મચારીઓને આપની કક્ષાએથી જરૂરી સૂચના આપવા વિનંતી છે. જેથી COVID-19ની પરિસ્થિતિમાં નબળા અને વંચિત જૂથના બાળકોના વાલીઓને તકલીફ ના પડે અને સમયમર્યાદામાં પ્રમાણપત્ર મેળવી પ્રવેશ માટે અરજી કરી શકે.
આભાર સહ

**બિડાણ : શિક્ષણ વિભાગનો તા. ૦૪/૦૮/૨૦૨૦નો ઠરાવ**

(ડૉ. વિનોદ રાવ)
સચિવ
(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ)
શિક્ષણ વિભાગ

**નકલ સવિનય રવાના (જાણ સારૂ):**

(૧) અંગત મદદનીશશ્રી, માન.મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય, બીજો માળ, સ્વર્ણિમ સંકુલ:૧, ગાંધીનગર

(૨) અંગત મદદનીશશ્રી, માન.મંત્રીશ્રી શિક્ષણનું કાર્યાલય(રાજ્ય કક્ષા), સ્વર્ણિમ સંકુલ:૨, ગાંધીનગર

(૩) અંગત સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, બ્લોક નં.૧, સચિવાલય, ગાંધીનગર

Scanned with CamScanner